<u>ફોજ. કેસ નં.2679/2023.</u>

## <u>આંક–૧ નીચે હુકમ</u>

આરોપી/ઓ સામે ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન આરોપી/ઓએ તેમની સામેનો ગુનો કબૂલ કરતી પુરસીસ આ અદાલતમાં આવેલ છે જેમાં પણ આરોપી/ઓએ તેમની સામેના ગુનાની કબૂલાત કરેલી છે જેથી આરોપી/ઓને સમજાવવામાં આવેલ છે કે, ગુનો કબૂલ કરવા તે બંધાયેલ નથી તેમ છતાં ગુનાની કબૂલાતને વળગી રહેલ છે જેથી આરોપી/ઓ તરફે કરવામાં આવેલ કબૂલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજૂર કરવામાં આવેલ છે અને આરોપી/ઓને તેમની સામેના ઊપરોક્ત શિક્ષાનેપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. વધુમાં આરોપી/ઓ તરફે તેમને સુધરવાની તક આપવાની માંગણી કરેલ છે અને ગુનો કર્યાનો અફસોસ છે તેમજ તેમની ઉપર કુટુંબની જવાબદારી છે અને પ્રથમ ગુનો હોવાનું અને ગરીબ માણસ હોવાનું જણાવી દયા કરવા અરજ કરેલ છે. આ હકીકત ધ્યાને લેતાં, કેસના સંજોગો ધ્યાને લેતાં અને આરોપી/ઓની રજૂઆત તથા ન્યાયનું હિત ધ્યાને લેતાં અને આરોપી/ઓને એક વાર સુધરવાની તક આપવાના હેતુથી કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા માટેના પૂરતાં અને વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે જે સંદર્ભે પણ આજરોજ નેશનલ લોક અદાલત અનુસંધાને સ્પેશિયલ સીટીંગ મેજીસ્ટ્રેટની સત્તાની રૂએ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પેઈજ નં. ૭૦૯ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ પણ આરોપીને ઠરાવેલ ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય છે તેવું પ્રસ્થાપિત કરાયેલ છે જે ધ્યાને લઈ અને આરોપી/ઓની રજૂઆત જોતાં તથા આક્ષેપયુક્ત ગુનામાં રજૂ ચાર્જશીટમાં લગાડાયેલ એક્ટની કલમ તથા વર્ણવાયેલ પ્રકાર અને રજૂ મુદ્દામાલ ધ્યાને લઈને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

આ કામના આરોપીને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૫૨ અન્વયે જુગારધારાની કલમ–૧૨અ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ. ૨૦૦ (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૭(સાત) ની સાદી કેદની સજા કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે જમા કરાવવી અને સદર રકમ જમા કરાવ્યાની રિસીપ્ટ અત્રેના કામમાં પો. સ્ટે. અધિકારીએ રજૂ રાખવી જ્યારે તે સિવાયનો અન્ય કિંમતી મુદ્દામાલ તેની માલિકીની ખરાઈ કરી પરત કરવો અને જો વચગાળાની કસ્ટડીએ પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ આથી શરતો રદ કરી કાયમ કરવામાં આવે છે જ્યારે બિનકિંમતી મુદ્દામાલનો નિયમ અનુસાર નાશ કરવો.

**નેશનલ લોક અદાલત**
**મુકામ–જેતપુર.**
**તારીખ–૦૯/૦૯/૨૦૨૩.**

**અલીઅસગર હસનઅલી હીરાની**
**એડીશ્નલ ચીફ જ્યુડી. મેજી. જેતપુર.**
**સ્પેશિયલ સીટીંગ**
**કોડ નં. જીજે–૦૧૧૮૪.**